# આત્મધર્મ

માસિક : વર્ષ-૫ * અંક-૧૧ * જુલાઈ, ૨૦૧૧



સમ્યક્-સન્મુખ જીવને ચૈતન્યનું લક્ષ બંધાણું છે એટલે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે...આ જ સ્વભાવ છે.... આ જ સ્વભાવ છે—એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ? મિથ્યાદૃષ્ટિ હોવા છતાં તે સમ્યક્-સન્મુખ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આ લોકમાં નિત્ય ચંદ્ર-સૂર્યના ભ્રમણવત્, ગંગા નદીના પ્રવાહના વહનની માફક, વ્યવહાર-કાળની ગતિની માફક, દ્રવ્યના પર્યાયની માફક, લોકની નીચે ધનવાત તનવાત વગેરે પવનોના નિરંતર ગમનોની માફક, (સરોવરમાં) કમળ આદિની નિરંતર ઉત્પત્તિ થયા કરે છે તેમ, આશ્ચર્યકારક શુદ્ધ આત્માનું નિરંતર સ્મરણ, મને મોક્ષરૂપ પરમ કલ્યાણની પ્રાપ્તિ માટે (કલ્યાણપ્રદ) થાઓ. ૧૨૨૦.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ.-૬, ગાથા-૫)*

❀ કામવેદના બડા ભારી રોગ હૈ, સદા હી ઈસકા ઈલાજ કઠિન હૈ, સંસારકો બઢાનેમેં અતિશયરૂપ હૈ ઔર સાંસારિક દુ:ખોંકો ઉત્પન્ન કરતા હી રહતા હૈ ઐસા બુદ્ધિમાનોંને કહા હૈ. ૧૨૨૧. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૩)*

❀ અહીં ઉપદેશ કરીએ છીએ કે હે ભવ્ય! હે ભાઈ! અહીં સંસારના જે દુ:ખો બતાવ્યાં તેનો અનુભવ તને થાય છે કે નહિ? તું જે ઉપાયો કરી રહ્યો છે તેનું જૂઠાપણું દર્શાવ્યું તે તેમ જ છે કે નહિ? તથા અવસ્થાપ્રાપ્ત થતાં જ સુખ થાય એ વાત બરાબર છે કે નહિ? એ બધું વિચાર! જો ઉપર કહ્યા પ્રમાણે જ તને પ્રતીતિ આવતી હોય તો સંસારથી છૂટી સિદ્ધ અવસ્થા પામવાના અમે જે ઉપાય કહીએ છીએ તે કર! વિલંબ ન કર! એ ઉપાય કરતાં તારું કલ્યાણ જ થશે! ૧૨૨૨. *(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.-૩, પાનું-૭૯)*

❀ જેમને ક્રોધાદિ વિકારભાવ વિદ્યમાન છે તે શું દેવ હોઈ શકે? અર્થાત્ તે કદાપિ દેવ હોઈ શકે નહિ. જ્યાં પ્રાણીઓની બાબતમાં દયા મુખ્ય નથી તેને શું ધર્મ કહી શકાય? કહી શકય નહિ. જેમાં સમ્યગ્જ્ઞાન નથી તે શું તપ અને ગુરુ હોઈ કે છે? હોઈ શકે નહિ. જે સંપત્તિમાંથી પાત્રોને દાન આપવામાં આવતું નથી તે સંપત્તિ શું સફળ હોઈ શકે? અર્થાત્ ન હોઈ શકે. ૧૨૨૩.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિકા, દાન અધિકાર, શ્લોક-૧૮)*

હે જીવ! જો સભી જીવોંકો એક સ્વભાવવાલે નહીં જાનતા, ઉસ અજ્ઞાનીકે સમભાવ નહિ રહતા, જો સમભાવ સંસાર-સાગરકે તૈરનેકો નાવકે સમાન હૈ. ૧૨૨૪. *(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૧૦૫)*

વર્ષ-૫
અંક-૧૧

સંવત
૨૦૬૭
JULY
A.D. 2011




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## જ્ઞાની સદા જ્ઞાન-રસમાં રમે છે.
## અજ્ઞાની સદા રાગ-રસમાં રમે છે.

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૧)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. ૧૦૨ અને ૧૦૩ દોહરા લેવાના છે.

कहे विचच्छन मैं रह्यो, सदा ग्यान रस राचि।
सुद्धातम अनुभूतिसौं, खलित न होहुं कदाचि॥१०२॥

पुव्वकरम विषतरु भए, उदै भोग फलफूल।
मैं इनको नहि भोगता, सहज होहु निरमूल॥१०३॥

અર્થ :–જ્ઞાનીજીવ વિચારે છે કે હું હંમેશા જ્ઞાનરસમાં રમણ કરું છું અને શુદ્ધ આત્મ-અનુભવથી કદી પણ છૂટતો નથી. પૂર્વકૃત કર્મ વિષવૃક્ષ સમાન છે, તેમનો ઉદય ફળ-ફૂલ સમાન છે, હું એમને ભોગવતો નથી તેથી પોતાની મેળે જ નષ્ટ થઈ જશે.

સર્વવિશુદ્ધ અધિકાર છે ને! આત્મા આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવું જેને અંતરમાં ભાન થઈને શુદ્ધદશા પ્રગટી છે તેને ધર્મી કહેવાય છે. અનાદિથી અવસ્થામાં જે રાગ-દ્વેષનો વિકાર અને તેનો ભોગવટો હતો તે અજ્ઞાન હતું. મારો સ્વભાવ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, હરખ-શોખ અને તેમાં એકત્વબુદ્ધિથી ભિન્ન છે તેનું અજ્ઞાનમાં ભાન નથી. તેથી અજ્ઞાનીની દૃષ્ટિ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ આદિ વિકાર ઉપર જ હોવાથી તે તેનો જ કર્તા અને ભોક્તા થાય છે. એ જ તેને ચાર ગતિમાં રખડવાનું કારણ છે.

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવી જો સ્વભાવદૃષ્ટિ હોય તો તો એ જીવની દૃષ્ટિ રાગ-દ્વેષાદિ પરિણામ ઉપર ન હોય અને તો એ રાગ-દ્વેષાદિ વિકારીભાવનો કર્તા થતો નથી અને તેને ભોગવવાનો વિકાર પણ ધર્મીને હોતો નથી. સમજાણું કાંઈ!

ધર્મ પામેલા વિચિક્ષણજીવની અહીં વાત કરી છે. પહેલાં, ધર્મ નહિ પામેલા જીવની વાત કરી દીધી કે જ્ઞાનાનંદસ્વભાવી આત્માના ભાન વિના ત્યાગી સાધુ થાય તોપણ શુદ્ધ ચૈતન્યમૂર્તિની દૃષ્ટિ અને અંતરંગ સ્વીકાર વિના તે શુભાશુભ–દયા-દાન-વ્રત-ભક્તિ-હિંસા-જૂઠ આદિ પરિણામનો કર્તા થાય છે અને તેને પોતાની ફરજ માને છે અને તેમાં જ હરખ-શોક કરીને તેનો ભોક્તા થાય છે માટે તે મિથ્યાદૃષ્ટિ છે.

શ્રોતા :–જૈનકુળમાં જન્મ્યો, જૈનની ક્રિયા કરે તોપણ મિથ્યાદૃષ્ટિ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–જૈનકુળમાં જન્મ્યો એટલે જૈન નામધારી થયો તેથી શું થયું! ચક્રવર્તીના મહેલમાં કૂતરીનું બચ્ચું થયું તેથી કાંઈ એ બચ્ચું ચક્રવર્તી થઈ જાય!! તેમ જૈનના વાડામાં અજ્ઞાની જન્મે તેથી કાંઈ એ સાચો જૈન થઈ ગયો!! રાગ–વિકારનું કરવાપણું ખરેખર જૈનની દૃષ્ટિમાં હોઈ શકે નહિ. જૈન એટલે 'જીતવું'. શુભાશુભ વિકલ્પને જીતવા એટલે કે તેનો આશ્રય ન લેવો અને ત્રિકાળી ચિદાનંદ જ્ઞાયકનો આશ્રય લઈ રાગાદિભાવને ભિન્ન પાડવા...ભિન્ન પાડતાં તેનો કર્તા અને ભોક્તા રહેતો નથી. એ જીવ ખરેખર જૈન કહેવાય છે. જૈન કોઈ સંપ્રદાય નથી.

જૈનનું સ્વરૂપ જેણે જાણ્યું નથી તે તો અનાદિથી ચિદાનંદ ભગવાનથી વિપરીત 'વિકારનું પરિણમન તે જ હું, તે જ મારી દશા અને તેનો હરખ-શોકનો અનુભવ થાય તે પણ હું' એમ માનનાર અજ્ઞાનીની આ ચાલ અનાદિથી આમ જ ચાલી આવી છે. હવે, જ્યારે એમ ભાન થાય કે અરે! વિકારના પરિણામ કાંઈ મારી ચીજ નથી, હું તો ચિદાનંદઘન આત્મા છું, મારા સ્વભાવમાં આનંદ અને જ્ઞાન જ ભર્યા છે, પુણ્ય-પાપ તે મારી વસ્તુમાં રહેલી ચીજ નથી....આમ અનુભવનારા જ્ઞાની પુણ્ય-પાપની વૃત્તિનાં કર્તા-ભોક્તા કે સ્વામી થતા નથી.

આ કાંઈ કોઈના ઘરની ચીજ નથી, ભગવાન આત્માના પોતાના ઘરની આ ચીજ છે. બેહદ જેનો જ્ઞાનસ્વભાવ, બેહદ જેનો આનંદભાવ, બેહદ જેનુ અંતરવીર્ય અને પુરુષાર્થ છે તેનું નામ આત્મા છે.

આવા આત્માની જ્યાં દૃષ્ટિ નથી તેને તો પુણ્ય-પાપના રાગ અને હરખ-શોકનો જ અનુભવ છે. તેને એ કરે છે અને ભોગવે છે. વિકારને એ પોતામાં અભેદ માને છે તેથી ભેદ કરતો નથી. અભેદમાં ભેદ કેમ કરે! જગત આમાં જ લૂંટાઈ ગયું છે અને લૂંટાઈ રહ્યું છે. હોંશથી લૂંટાય છે...દોડીને જેલમાં જાય છે. પતંગિયા જેમ દોડીને અગ્નિમાં પડે છે તેમ અજ્ઞાની દોડીને જેલમાં જાય છે. જ્ઞાન ને આનંદના ધામનો સ્વીકાર ન કરતાં, સત્કાર ન કરતાં, તેને ઉપાદેયપણે આદરણીય ન કરતાં, રાગ-દ્વેષનો કર્તા ને ભોક્તા થાય છે. શરીર, વાણી, મન આદિ જડનો તો એ કર્તા થઈ શકતો નથી પણ અજ્ઞાનભાવે રાગ-દ્વેષનો કર્તા થઈ શકે છે. તેથી તેમાંથી બહાર નીકળતો જ નથી.

શરીર, વાણી, મન તો સ્વતંત્ર પર પદાર્થ છે, જડ છે, તેનું કરવું, વેદવું કે બદલવું કાંઈ જીવમાં નથી. જીવ તો જ્ઞાયક આનંદનું ધામ એકલો સ્વભાવનો ઈશ્વર છે. આહાહા .... તે ઈશ્વરતા અંતરમાં સમજણમાં ન આવી એટલે પામર એવા શુભાશુભવિકલ્પરૂપ રાગનું પરિણમન તે જ હું એમ માનીને મિથ્યાત્વનો સેવનારો થયો. અનાજના કે કપડાના કે મકાનના ધંધા તો જીવે કર્યા જ નથી પણ તે સંબંધી પોતે જે વિકલ્પો કરે છે કે આમ કરું તો આમ થાય ને તેમ કરું તો તેમ થાય....એ વૃત્તિઓ ઉપર જ એની દૃષ્ટિ છે, વૃત્તિ વિનાની ચીજ ઉપર દૃષ્ટિ નથી.

આ એનું અજ્ઞાન છે પણ અજ્ઞાન એ કોઈ બચાવ નથી. દવાની જગ્યાએ ઝેર આવી જાય તો માણસને મારી જ નાંખે ને! એને ખબર ન હતી કે ઝેર છે તેથી કાંઈ બચી જાય! અજ્ઞાન એ બચાવ નથી. એમ જેને આત્મા કોણ છે એવું ભાન નથી તે અજ્ઞાનપણે વિકારનો કર્તા-ભોક્તા થાય છે. તેને ખબર નથી તેથી એ કાંઈ બચશે નહિ. ચોરાશીના અવતારમાં રખડી મરશે.

ભગવાન આત્મા 'સર્વવિશુદ્ધ' 'નિર્મળાનંદ' 'ચૈતન્યકંદ' એ તો બંધ અને મોક્ષની પર્યાયથી પણ રહિત એનું સ્વરૂપ છે. એ સ્વરૂપની દૃષ્ટિ વિના જે સત્તાનો તેને ખ્યાલ અનાદિથી આવ્યો છે તે આ પુણ્ય-પાપના વિકારની સત્તા છે. નિર્દોષતાનો ખ્યાલ આવવો જોઈએ તેના બદલે સદોષતાનો ખ્યાલ આવ્યો છે તે સદોષતાનું ઝેર છે તેનું એને વેદન છે, તેનો જ એ કર્તા છે. હવે જ્યારે એને ખબર પડી કે આ મારું સ્વરૂપ નથી, હું તો સર્વવિશુદ્ધજ્ઞાનસ્વરૂપ છું ત્યારે કહે છે કે कहैं विचच्छन मैं रह्यौ, सदा ग्यानरस राचि। અજ્ઞાનમાં તો હું રાગરસમાં રાચેલો હતો. મારા સત્ સુખ જ્ઞાનાનંદ

સાગરમાં વિકાર પણ નથી ને તેનો ભોગવટો પણ નથી. હું તો જ્ઞાન ને આનંદના રસમાં રાચનારો છું, રાગરસ મારો નહિ.

પંચમહાવ્રતના વિકલ્પ પણ રાગ છે. તેનો કર્તા અને ભોક્તા થાય તે મિથ્યાદૃષ્ટિ છે. શાસ્ત્રમાં અનેક વચનો વ્યવહારના હોય, નિશ્ચયના હોય, તેને જેમ છે તેમ સમજવા જોઈએ. વ્યવહારને નિશ્ચય માની લે તો ન ચાલે.

પ્રભુ આત્મા તો એકલો પ્રજ્ઞાબ્રહ્મ છે એમ જ્યાં ભાન થયું ત્યાં તો એ કહે છે કે હું જ્ઞાનની પરિણતીમાં રાચનારો છું, રાગમાં રાચનારો હું નહિ. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિમાં રાચનારો હું નહિ. વિચિક્ષણ જ તેને કહ્યો કે જે પુણ્ય-પાપના રાગના કર્તા-ભોક્તાપણાથી ભિન્ન પડી, સ્વભાવદશાને કરે અને તેને જ ભોગવે. તે જ સમજુ અને ડાહ્યો છે.

**सदा ज्ञानरस राचि** જ્ઞાનરસ એટલે આત્મા તેમાં જે રાચે તે ડાહ્યો છે, જ્ઞાની છે. રાગમાં રસીલો જ્ઞાની ન હોય. સમજાણું કાંઈ! સ્ત્રી, પુત્ર, લાડવા, દાળ-ભાતને તો આત્મા ભોગવી શકતો જ નથી એટલે એની તો વાત જ નથી. તેના પ્રત્યે રાગ ઉત્પન્ન કરે અને પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરે અને તે રાગ-દ્વેષને જ ભોગવે એ અજ્ઞાનની ભૂમિકા છે. જ્ઞાનીને એમ ભાન થયું છે કે અરે! આ રાગ-દ્વેષ મારી ચીજ નહિ, એ મારી ચીજ હોય તો તો હું ત્રિકાળી વિકારી થઈ જાઉં, પણ હું એ નથી. હું તો ત્રિકાળી નિર્વિકારી આનંદનું ધામ પ્રભુ છું. તેની જ્ઞાનાનંદની પરિણતી એ મારી દશા છે.

**शुद्धातम अनुभूतिसौं**....જેના જન્મ-મરણના ચક્કર મટી ગયા છે તે ધર્મી છે. ચોરાશીના અવતારના કારણો જે વિકાર છે તે હું નહિ, હું તો નિર્વિકારી આનંદનું ધામ છે એવું ભાન થયું તે પોતાના શુદ્ધાત્માના અનુભવથી સ્ખલિત થતા નથી, રાગના ભોક્તા થઈ જતા નથી. ધર્મીને રાગ આવે છે એમ કહેવાય છે પણ તે રાગ ધર્મીનો છે જ નહિ. ધર્મી તો રાગથી મુક્ત છે. જ્ઞાની અને અજ્ઞાનીનો ફેર જ એ છે કે જ્ઞાની સદા જ્ઞાનરસમાં રમે છે અને અજ્ઞાની સદા રાગરસમાં રમે છે.

અરેરે! એણે નિજઘરની વાતો કદી સાંભળી નથી તેથી આમ ને આમ અવતાર એળે ચાલ્યા જાય છે. ખાધા-પીધા-પરણ્યા, પરણાવ્યા-પહટાવ્યા....બધું પાપ છે. અમેરિકા જઈને ભણી આવ્યા...ભણવું એ પણ પાપ છે. અજ્ઞાનીને રાગાદિ વિકારના સોજા ચડ્યા છે—મોટો રોગ લાગુ પડ્યો છે અને એ માને છે કે હુ નીરોગ છું. ધર્મીને

આવા રાગરૂપી રોગનું કર્તા અને ભોક્તાપણું નથી અને જો રાગનું કર્તા-ભોક્તાપણું છે તો એ ધર્મી નથી.

આવું વસ્તુનું સ્વરૂપ છે હો! ભગવાને કાંઈ ઘરની વાત કરી નથી, વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

લોકોને ધર્મીની વાત બેસતી નથી. લ્યોં આ સમકિતી તો છ ખંડના રાજ કરે છે!....અરે! કોણ કરે છે! શાસ્ત્ર કહે છે કે સમકિતી ચક્રવર્તી છ ખંડના રાજ્યમાં હોય તોપણ તેમાં તેને એકત્વ નથી. સમકિતીને આવો સંયોગ હતો એમ શાસ્ત્ર બતાવે છે. ક્ષેત્રથી છ ખંડની સમીપતા થાય છે પણ ભાવમાં કદી થતી નથી. સમકિતી તો શુદ્ધજ્ઞાનના રસનો રસિયો છે. સાથે થોડો રાગ હોય તેની ગણતરી નથી. આ તો ખાંડાની ધાર જેવો મારગ છે પણ સરળ છે હો! આકરો નથી.

पूव्वकरम विषतरु भए.....જ્ઞાનાનંદનો રસીલો જ્ઞાની એમ કહે છે કે આઠેય કર્મ છે તે ઝેરના ઝાડ જેવા છે. હું આત્મા તો અમૃતનું વૃક્ષ છું. તેમાં તો અમૃતના ફળ આવે છે. પૂર્વના કર્મનો ઉદય આવે ત્યારે જે અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે છે તે વિષવૃક્ષના ફળફૂલ છે. અરે! જે રાગ-દ્વેષ અને હરખ-શોક થાય છે તે પણ ઝેરના ઝાડના ફળફૂલ છે. ચક્રવર્તીની બાદશાહીને ધર્મી ઝેરના ફળ માને છે.

"ચક્રવર્તીકી　સંપદા,　ઈન્દ્ર　સરીખા　ભોગ,<br>
કાગ-વીટ　સમ　માનત　હૈ,　સમ્યગ્દષ્ટિ　લોગ."

માણસની વિષ્ટા તો ભૂંડ ખાય અને ખાતરમાં પણ નખાય એટલો ઉપયોગ થાય પણ કાગડાની વિષ્ટા તો ખાતરમાં પણ કામ ન આવે. ધર્મી ચક્રવર્તીની સંપદાને આવી તુચ્છ કાગડાની વિષ્ટા સમાન માને છે. બાપા! ધર્મ એટલે શું!! આ વ્રત-તપ પાળ્યા ને માની લીધો ધરમ...એ તો અધરમ છે. **વ્રતના ભાવ પણ ઝેરના ઝાડ છે.**

मैं इनको नहि भोगता । જે ફળને ભોગવતાં મિથ્યાદષ્ટિ તો રાજી-રાજી થાય અરે! અમારે આટલી આટલી અનુકૂળતા છે! જ્યારે જ્ઞાની કહે છે કે હું તો મારા ત્રિકાળી અવિનાશી સ્વભાવનાં જ્ઞાન ને આનંદને ભોગવું છું, કર્મરૂપ ઝેરના ફળને હું ભોગવતો નથી. રાગધારા અને વીતરાગી નિર્મળ આત્મધારા એ બે ધારા જુદી પડી ગઈ ત્યાં ધર્મી કહે છે હું તે રાગધારાને ભોગવતો નથી.

सहज होहु निरमूल। આઠેય કર્મના ઉદયને હું ભોગવતો નથી, મારી ભોગવવાની એ ચીજ નથી. તેનો નાશ થઈ જાઓ! મારી ભોગવવાની ચીજ તો અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ છે. એ જ મારું કાર્ય છે.

આહાહા! ધર્મ અને અધર્મના ભાવમાં આંતરા કેટલા! એની લોકોને ખબર નથી. કાંઈક શુભ કરીને માને છે કે અમે શાસ્ત્ર કહે છે તેમ કરીએ છીએ. શાસ્ત્ર તો જ્ઞાનીની ભૂમિકામાં જે મર્યાદિત રાગની દશા હોય તેને જણાવે છે. બાકી, જ્ઞાની તેનો કર્તા કે ભોક્તા હોઈ શકે નહિ.

'ધાર તરવારની સોહ્યલી, દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા.' અનંતનાથ એવા આત્માની સેવા બહુ અલૌકિક છે.

અહા! તારા ઘરની વાત તે સાંભળી નથી. તારી ઊંધાઈ પણ તે સાંભળી નથી. રાગને કરે અને ભોગવે એ મિથ્યાત્વ છે એ તારી ઊંધાઈ છે તેની પણ તને ખબર નથી.

શ્રોતા :–ક્ષયોપશમ જ એવો છે કે તે તરફ દોરી જાય છે, કરીએ શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :–ક્ષયોપશમ દોરી જાય છે એ ખોટી વાત છે. એણે પોતે ક્ષયોપશમને ઊંધી બાજુ દોર્યો છે. કર્તા થઈને પોતે કરે અને બીજો કરાવે છે એમ કહે એ અનીતિ છે, અન્યાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે ને! જિન-આજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. પોતાને વિષય-કષાયમાં રહેવું છે એટલે કર્મનો વાંક કાંઢે છો. ઊંધાઈ કરે પોતે અને નાખે બીજા માથે.

હવે, ૧૦૪ અને ૧૦૫ પદ્યમાં વૈરાગ્યનો મહિમા કરે છે :–

जो पूरवकृत करम-फल, रुचिसौं भुंजे नांहि।
मगन रहै आटौं पहर, सुद्धातम पद मांहि॥१०४॥

सो बुध करमदसा रहित, पावै मोख तुरंत।
भुंजै परम समाधि सुख, आगम काल अनंत॥105॥

અર્થ :–જે જ્ઞાની જીવ પૂર્વે મેળવેલા શુભાશુભ કર્મફળને અનુરાગપૂર્વક ભોગવતા નથી અને હંમેશા શુદ્ધ આત્મપદાર્થમાં મસ્ત રહે છે, તે તરત જ કર્મપરિણતિરહિત મોક્ષપદને પ્રાપ્ત કરે છે અને આગામી કાળમાં પરમ જ્ઞાનનો આનંદ અનંતકાળ સુધી ભોગવે છે.

जो पूरवकृत करम-फल रुचिसौं भुंजै नांहि। જ્ઞાનીને પૂર્વકર્મના ઉદયકાળે જરા અસ્થિરતાવશ રાગાદિ આવી જાય પણ તે ઉદયનો જ્ઞાનીને પ્રેમ નથી, રુચિ નથી. કરિયાતા અને કાળીજીરીથી પણ કડવા કાંક્ષા નામના ફળ આવે છે તેને ઔષધ તરીકે કોઈને ખાવા પડે પણ તે ખાવાની રુચિ ન હોય. તેમ, જ્ઞાનીને ઉદયના ફળને ભોગવવા પડે છે પણ રુચિ નથી. જેને આતમધર્મનું ભાન થયું, આનંદનું ધામ જેને નજરમાં આવી ગયું એ રાગને અને કર્મફળને રુચિથી ભોગવતો નથી. જે રાગને રોગ સમાન જાણે છે તેને તેની રુચિ કેમ હોય! એને તો ઝેર જેવા કડવા લાગે છે. પોતાની શાંતિને લૂંટનારા છે તેની ભાવના કેમ હોય?

ધર્મની પહેલી દશાવંત–સમ્યગ્દૃષ્ટિ રાગને રુચિથી કરતો અને ભોગવતો નથી. આવું ધર્મનું રૂપ છે પણ માણસોને ખબર નથી. એની દૃષ્ટિ ઊંધી થઈ ગઈ છે. તત્ત્વની ખબર વગર જીવન ગુમાવી દે છે. અરેરે! રજકણ તારા રખડશે જેમ રખડતી રેત....આવો સાંભળવાનો યોગ અનંતકાળે પણ દુર્લભ છે. પૈસા મળવા, આબરૂ મળવી એ દુર્લભ નથી. એ તો અનંતવાર મળી ગયા છે.

मगन रहै आठौं पहर। સમ્યગ્દૃષ્ટિ સદાય પોતાના સ્વભાવના પરિણમનમાં જ છે. શુદ્ધતાનું પરિણમન સદાય વર્તે છે. તેમાં ધર્મી મગ્ન છે. આ વાત શ્રદ્ધામાં બેસવી લોકોને કઠણ પડે કેમ કે અનાદિથી અભ્યાસ બીજો છે અને વર્તમાનમાં ઉપદેશ કરનારા પણ એવા મળ્યા છે એટલે તેને એમ લાગે કે આ લોકો તો એકલી નિશ્ચયની (સાચી) વાત જ કરે છે.

ભગવાન અતીન્દ્રિય આનંદના નાથના ભેટા થયા તેને આનંદની રુચિ આગળ રાગની રુચિ એક ક્ષણ પણ હોતી નથી, તેને તો આઠેય પ્રહર શુદ્ધાત્માની દૃષ્ટિ છે.

सो बुध करमदसा रहित તત્ત્વજ્ઞાની-સમકિતી કર્મ અને રાગરહિત દશાવાળો છે. એવી દશાના ઘોલનમાં તેને અલ્પકાળમાં કેવળજ્ઞાન થઈને મોક્ષ થશે. भुंजै परम-समाधि सुख રાગ અને કર્મરહિત સ્વભાવની દૃષ્ટિ તો છે પણ હવે થોડી અસ્થિરતા રહી હતી તે પણ આવા અનુભવથી ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામીને અલ્પકાળમાં મુક્ત થઈ જશે. પછી તો ભવિષ્યમાં અનંતકાળ સમાધિસુખને ભોગવશે. કેવળજ્ઞાન અને મુક્તિનો ઉપાય જ આ છે કે રાગ અને કર્મરહિત આત્માનો અનુભવ અને તેમાં એકાગ્રતા કરતાં કરતાં કેવળજ્ઞાન અને મુક્તિ થઈ જશે તે પછી અનંતકાળ રહેશે. કહો! સમજાણું કાંઈ!

શ્રોતા :–બહુ સરસ!

આત્માનું સ્વરૂપ જ એવું છે–'રાગ અને કર્મથી રહિત' તેને વેદતો પૂર્ણ શાંતિને પામશે. તે શાંતિ અનંતકાળ એમ જ રહેશે. કોઈ એમ કહે કે પછી ભગવાન સંસારમાં ફરી અવતાર લે છે–તો એમ નથી. મોક્ષ થયા પછી પણ દુનિયાનો ભાર ઉતારવા અવતાર લે એમ બને નહિ. જે નીચલીદશામાં રાગની એકતા કરતો નથી તેને પૂર્ણદશામાં રાગ આવે અને અવતાર થાય એમ ત્રણકાળમાં બનતું નથી. પૂર્ણ આનંદ અને શાંતિ થયા તે થયા. પછી આનંદ ઘટીને રાગ થાય અને અવતાર લે એમ કદી બનતું નથી.

### જ્ઞાનીની ઉન્નતિનો ક્રમ

जो पूरवकृतकरम, विरख-विष-फल नहि भुंजै।
जोग जुगति कारिज करंति, ममता न प्रयुंजै॥
राग-विरोध निरोधि, संग विकलप सब छंडइ।
सुद्धातम अनुभव अभ्यासि, सिव नाटक मंडइ॥
जो ग्यानवंत इहि मग चलत, पूरन ह्वै केवल लहै।
सो परम अतीन्द्रिय सुख विषै, मगन रूप संतत रहै॥१०६॥

અર્થ :–જે પૂર્વે કમાયેલા કર્મરૂપ વિષવૃક્ષના વિષ-ફળ ભોગવતા નથી અર્થાત્ શુભફળમાં રતિ અને અશુભફળમાં અરતિ કરતા નથી, જે મન-વચન-કાયાના યોગોનો નિગ્રહ કરતા થકા વર્તે છે અને મમતા રહિત રાગ-દ્વેષ રોકીને પરિગ્રહજનિત સર્વ વિકલ્પોનો ત્યાગ કરે છે તથા શુદ્ધ આત્માના અનુભવનો અભ્યાસ કરીને મુક્તિનું નાટક ખેલે છે, તે જ્ઞાની ઉપર કહેલા માર્ગનું ગ્રહણ કરીને પૂર્ણસ્વભાવ પ્રાપ્ત કરી કેવળજ્ઞાન પામે છે અને સદૈવ ઉત્કૃષ્ટ અતીન્દ્રિયસુખમાં મસ્ત રહે છે.

जो पूरवकृत...જે અજ્ઞાનભાવથી બંધાયેલા છે એવા કર્મરૂપી વિષવૃક્ષના ફળને જ્ઞાની ભોગવતા નથી. ધર્મી તો આત્માના આનંદને ભોગવે કે કર્મના કર્મફળને ભોગવે! યોગ અને યુક્તિથી કાર્ય થાય પણ એ રાગના કાર્ય મારા છે એમ ધર્મીને થતું નથી. મન-વચન-કાયાની ક્રિયા થાય છે પણ તેમાં મમતા થતી નથી એટલે કે તે કાર્ય મારા છે એમ મમતા થતી નથી. આમ લાગે કે જ્ઞાની યુક્તિથી બધાં કામ લે છે, યોગોની

ક્રિયા કરે છે...પણ મન-વચન-કાયા તો જડ છે તેની સત્તાને ધર્મી પોતાની સત્તા માનતા નથી.

આ તો સમયસાર નાટક છે. તેમાં સાદી ભાષામાં આટલી ચોખવટ કરી છે. ધર્મીના યોગમાં મન-વચન-કાયાની ક્રિયા દેખાય છે પણ તે ક્રિયા મારી છે એમ ધર્મી માનતા નથી.

राग-विरोध निरोधी.....ધર્મી અનુકૂળતામાં રાગને અને પ્રતિકૂળતામાં દ્વેષને ઉત્પન્ન થવા દેતાં નથી, નિરોધ કરે છે. ધર્મીને 'કરવું' કાંઈ આવતું જ નથી. જે થાય છે તેને જાણે છે એ કરવું છે. જ્ઞાનસ્વભાવને 'જાણવું' એ એની ક્રિયા છે, રાગાદિની ક્રિયા આત્માની નથી. કર્તા-કર્મ અધિકારમાં ૬૯-૭૦ ગાથામાં આવી ગયું છે કે જાનનક્રિયાનો નિષેધ થઈ શકે તેમ નથી. રાગની ક્રિયાનો નિષેધ થઈ શકે છે. રાગક્રિયા જો જીવની હોય તો સિદ્ધમાં પણ રહેવી જોઈએ. પણ રાગ જીવની સ્વાભાવિક ક્રિયા નથી માટે તે પરમાત્મામાં રહેતી નથી.

संग विकलप सब छंडे । જ્ઞાનીની દૃષ્ટિ ફરી ગઈ છે એટલે વિકલ્પમાત્રની દૃષ્ટિનો જ્ઞાનીને ત્યાગ છે. કોઈ પણ પરિગ્રહ એની દૃષ્ટિમાં નથી. પરિગ્રહમાત્રનો દૃષ્ટિમાં ત્યાગ છે. કહ્યું છે ને! ચોથા ગુણસ્થાનવાળા સમકિતી न गृहस्थ है, न यति है। સમકિતી ગૃહસ્થ પણ નથી અને યતિ પણ નથી, એ તો આત્મામાં છે.

અનંતકાળમાં જે ધર્મ એણે પ્રગટ કર્યો નથી તેના મારગડાં તો કોઈ અપૂર્વ જ હોય ને! એક એક પલ્યોપમમાં અસંખ્ય વર્ષ જાય છે એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમકાળ થાય. એવા અનંતા સાગરોપમથી આ જીવ રખડી રહ્યો છે. ૩૧-૩૧ સાગર તો એણે દેવના ભવમાં વીતાવ્યા છે, એક પુદ્ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંત સાગર જાય છે. એવા તો અનંત પુદ્ગલ પરાવર્તન થઈ ગયા. અનાદિથી આ જીવ છે તે કે'દી ન હતો! અનંતકાળ પહેલાં પણ એ હતો...હતો....હતો....પણ હું ત્રિકાળી છું એવો નિર્ણય એને અંતરમાંથી કદી આવ્યો નથી.

ધર્મી તો शुद्धातम अनुभव अभ्यासि છે. શુદ્ધાત્માનો અનુભવ કરતો કરતો એ તો મોક્ષની રચના કરે છે. વિશેષ કહેવાશે. *(ક્રમશઃ)*

### વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## પ્રભુત્વશક્તિ

( अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः । )

આત્માની પ્રભુતા સાંભળતાં મુમુક્ષુ જીવ આશ્ચર્ય પામીને સ્વસન્મુખ જુએ છે, પોતાના આત્માની પ્રભુતાનો વૈભવ જાણીને તે આનંદિત થાય છે ને જ્ઞાની-મહાત્માનો ઉપકાર માને છે કે અહો, મારા આત્મામાં આવી પ્રભુતા તો અનાદિથી જ હતી પણ મને તેની ખબર ન હતી, તેથી અત્યાર સુધી હું બહારમાં ભટક્યો, હવે ભાન થતાં દીનતા ટળી ને પ્રભુતા પ્રગટી.

જ્ઞાનમાત્ર ભાવમાં ઉલ્લસતી આત્માની અનંત શક્તિઓમાંથી છ શક્તિનું વર્ણન થયું. સાતમી પ્રભુત્વશક્તિ છે. આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે— એવી તેની પ્રભુતા છે કે તેને કોઈ તોડી શકે નહિ કે પરાધીન બનાવી શકે નહિ. આવી પ્રભુતાના ભાનવડે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

જગતમાં રાજા–મહારાજાનો પ્રતાપ તો એનાથી મોટા બીજા રાજાવડે ખંડિત થઈ જાય છે; જુઓને, ભરત ચક્રવર્તી જેવાનો પ્રતાપ પણ બાહુબલી વડે ખંડિત થઈ ગયો;–એ તો પુણ્યનો પ્રતાપ છે, એ કાંઈ અખંડિત પ્રતાપ નથી. આ ચૈતન્યરાજા અનંતગુણનો ચક્રવર્તી, તેનો પ્રતાપ કોઈથી ખંડિત થાય નહિ, તેની સ્વતંત્રતાને કોઈ લૂટી શકે નહિ. આવી અનંતગુણની પ્રભુતા–શોભા આત્મામાં ભરી છે. એક પ્રભુત્વગુણે સર્વગુણોમાં પ્રભુતા આપી છે એટલે બધા ગુણો અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી રહ્યા છે. રાગવડે ગુણની પ્રભુતા ખંડિત થતી નથી પણ ગુણની નિર્મળપર્યાય પ્રગટ કરીને ખંડ-ખંડ કરી નાખે એવી દરેક ગુણમાં તાકાત છે. પ્રભુત્વને લીધે આત્માના સર્વ ગુણોમાં પ્રભુતા છે ને તેના પરિણમનમાં રાગનો અભાવ છે. એનો અભાવ જ પછી તે આત્માની પ્રભુતાને ખંડિત કરે એ વાત ક્યાં રહી?

જુઓ, આ આત્માની પ્રભુતા! અહા, આત્મામાં પ્રભુતા ભરી છે તેનું માહાત્મય

છે. આવા આત્મામાં દૃષ્ટિ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. દુનિયામાં એવો કોઈ દુશ્મન નથી કે જે આત્માની પ્રભુતાને તોડી શકે. સાતમી નરકના જીવને પોતાની પ્રભુતાના અવલંબને જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, ત્યાંની અનંતી પ્રતિકૂળતામાં એવી તાકાત નથી કે સમ્યગ્દર્શનની જે પ્રભુતા પ્રગટી છે તેને તોડી શકે. દરેક ગુણની નિર્મળપર્યાયમાં પ્રભુતા છે એટલે કે પોતાથી સ્વતંત્રપણે તે શોભે છે. કોઈ સંયોગને લીધે તેની શોભા છે કે રાગને લીધે તેની શોભા છે એમ નથી. જ્ઞાનની પ્રભુતામાં જ્ઞાનાવરણકર્મનો અભાવ છે, તેની પ્રભુતાને જ્ઞાનાવરણકર્મ હણી શકે નહિ. સિદ્ધપ્રભુ લોકાગ્રે નિજસ્વરૂપમાં બિરાજે છે, તેઓ જ્યાં સ્થિર રહ્યા છે ત્યાં પોતાની સ્વતંત્ર પ્રભુતાથી જ રહ્યા છે,– નહિ કે ઉપર ધર્માસ્તિકાયનો અભાવ હોવાને લીધે પરાધીનપણે ત્યાં અટકી જવું પડ્યું. અરે, સિદ્ધપ્રભુમાં પણ જેને પરાધીનતા દેખાય તે જીવ આત્માની સ્વતંત્ર પ્રભુતાને કઈ રીતે પ્રતીતમાં લેશે? બાપુ! આત્માની પ્રભુતાના સ્વતંત્ર પ્રતાપને કોઈ હણી શકતું નથી. દ્રવ્ય, ગુણ ને પર્યાય ત્રણેમાં આવી પ્રભુતા છે.

કોઈ કહે કે જ્ઞાન કેમ નથી ઊઘડતું? તો કહે છે કે તું તારી પ્રભુતાને સંભાળતો નથી માટે; સર્વજ્ઞતા પ્રગટે એવી પ્રભુતા તારામાં ભરી છે પણ તું તેની સન્મુખ થા તો પર્યાયમાં તે પ્રગટે. પ્રભુતાથી વિમુખ થયો એટલે પર્યાયમાં પામરતા થઈ. છતાં શક્તિમાં તો પ્રભુતા ભરી જ છે. પામરતા સેવીને તારી પ્રભુતાને તેં સંતાડી રાખી છે. પ્રભુતાને પ્રતીતમાં લઈને તેનું સેવન કર તો પર્યાયમાં સર્વજ્ઞતારૂપ પ્રભુતા ઉઘડી જાય ને તારો આત્મા અખંડ પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભી ઊઠે.

જ્ઞાનસ્વરૂપી આત્મા અનંતગુણોથી ભરેલો છે. તે સ્વરૂપની અનુભૂતિમાં અનંત ગુણોનો સ્વાદ ભેગો છે. આ રીતે જ્ઞાન સાથે અવિનાભૂત અનંત ગુણ–પર્યાયોનો જે સમૂહ છે તેવડો આત્મા છે. આત્મા પોતાના અનંત ગુણ–પર્યાયોમાં વ્યાપક છે તેને બદલે પરમાં વ્યાપક માને છે એટલે તે અનુભવમાં આવતો નથી. પરથી આત્મા ભિન્ન છે પણ તેને જાણનારું જે જ્ઞાન છે તેનાથી અભિન્ન છે. જ્ઞાન અને તેની સાથેના આનંદ–પ્રભુતા વગેરે અનંત ગુણોમાં આત્મા અભિન્ન છે. આવા આત્મા ઉપર નજર નાખતાં પરમ ચૈતન્યનિધાન એક ક્ષણમાં પ્રગટે છે. અહા, આવું ચૈતન્યનિધાન પોતાની જ પાસે છે પણ જગત તેને બહારમાં શોધે છે.—જાણે કે રાગમાંથી મારા ગુણનું નિધાન પ્રગટશે! પણ ભાઈ, તારા નિધાન રાગમાં નથી. ચૈતન્યમાં તારા નિધાન ભર્યાં છે. તારા નિધાનનું માહાત્મ્ય કરીને તેમાં નજર કર. બધાને જાણનારો પોતે પોતાનું માહાત્મ્ય

ભૂલીને, રાગને અને પરને માહાત્મ્ય કરીને તેમાં નજર કર. બધાને જાણનારો પોતાનું માહાત્મ્ય ભૂલીને, રાગને અને પરને માહાત્મ્ય આપે છે કે આ પદાર્થ સારા;–પણ એને જાણનારું પોતાનું જ્ઞાન સારું છે એમ અનુભવમાં નથી લેતો. એને ખબર નથી કે હું તો જ્ઞાન છું ને આ રાગાદિ ભાવો તો ચેતન વગરના છે, તેમનામાં સ્વ-પરને જાણવાનો સ્વભાવ નથી. પોતાના જ્ઞાનસ્વભાવથી છૂટીને અજ્ઞાની 'પર મારા, રાગ હું' એમ અનુભવે છે. ભાઈ, પરદ્રવ્ય શરીરાદિને તું વળગે છે, મમતા કરે છે, તેથી પરિભ્રમણ ને દુઃખ છે. તારી અનંતગુણની પ્રભુતાને જાણ તો એ પરિભ્રમણ ને દુઃખ મટે.

આત્મા ચેતનસ્વભાવી સૂર્ય છે; તેના નિધાન કેવા? તેના ગુણોનું સામર્થ્ય કેટલું? તેનું ક્ષેત્ર કેટલું? સંખ્યા કેટલી? એનું ખરું કાર્ય શું?—એનો વિચાર જીવે કદી યથાર્થરૂપે કર્યો નથી. અહીં અનંતગુણનિધાન બતાવીને આચાર્યદેવ કહે છે કે–ભાઈ, જો તારે શાંતિ ને આનંદનો અનુભવ જોઈતો હોય તો ને સ્વતંત્રસુખનો રાહ–પંથ જોઈતો હોય તો, જ્ઞાનવડે જાણનારને જાણ. બહારમાં જે દેખાય છે તે તું નથી, જે દેખનારો છે તે તું છો. તારે લઈને રાગ કે શરીર નથી, તારે લઈને તો જ્ઞાન છે એટલે કે જ્ઞાન જ તારું કાર્ય છે.

આત્મા જાણનાર છે છતાં પોતે પોતાને કેમ નથી જાણતો? જ્ઞાનને સ્વસન્મુખ કરતો નથી તેથી આત્મા જણાતો નથી. અનંત શક્તિનો પરમેશ્વર છે તો પોતે જ, પણ પોતે પોતાને ભૂલી ગયો છે. ૩૮મી ગાથામાં કહ્યું હતું કે–જેમ કોઈ મૂઠીમાં રાખેલા સુવર્ણને ભૂલી ગયો હોય ને બહાર શોધતો હોય, તે ફરી યાદ કરીને સુવર્ણને પોતાની મૂઠીમાં જ દેખે કે અરે, આ રહ્યું સોનું! મારી મૂઠીમાં જ છે! તેમ અનાદિ અજ્ઞાનથી જીવ પોતાના પરમેશ્વર–આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રીગુરુના વીતરાગી ઉપદેશથી વારંવાર સમજાવવામાં આવતાં તેને પોતાની પ્રભુતાનું ભાન થયું, સાવધાન થઈને પોતામાં જ પોતાની પ્રભુતાને જાણે કે અહો! અનંત શક્તિની પરમેશ્વરતા તો મારામાં જ છે, મારમાં જ મારી પ્રભુતા છે; પરદ્રવ્ય અંશમાત્ર મારું નથી; મારા ભિન્ન સ્વરૂપના અનુભવથી હું પ્રતાપવંત છું.—આમ પોતાની પ્રભુતાને જાણી તેનું શ્રદ્ધાન કરીને તથા તેમાં તન્મયપણે લીન થઈને સમ્યક્ પ્રકારે આત્મારામ થયો.....પોતે પોતાને અનંત શક્તિસંપન્ન જ્ઞાયકસ્વભાવરૂપે અનુભવતો થકો પ્રસિદ્ધ થયો. મોહનો નાશ થઈને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો.

જુઓ, આનું નામ જ્ઞાનદશા; આનું નામ અનુભવદશા; આવી દશા થતાં પોતાને પોતાનો અનુભવ થાય ને પોતાને તેની આનંદની ખબર પડે. અહા! પરમેશ્વરના જ્યાં ભેટા થયા.–એ દશાની શી વાત! જ્ઞાનસમુદ્ર ભગવાન આત્મા પ્રગટ થયો.—તે કહે છે કે અહો! બધા જીવો આવા આત્માને અનુભવો; બધા જીવો આત્માના શાંતરસમાં મગ્ન થાઓ. શાંતરસનો સમુદ્ર પોતામાં ઉલ્લસ્યો છે, ત્યાં કહે છે કે બધાય જીવો શાંતરસના દરિયામાં તરબોળ થાઓ.

જુઓ તો ખરા, સંતોને આત્માની પ્રભુતાનો કેટલો પ્રેમ છે! આત્મા તો અનંત ગુણરત્નોથી ભરેલો મોટો રત્નાકર છે. દરિયાને રત્નાકર કહેવાય છે. આત્મા અનંતગુણથી ભરેલો દરિયો ચૈતન્ય-રત્નાકર છે; એમાં એટલાં રત્નો ભર્યાં છે કે એકેક ગુણના ક્રમથી એનું કથન કરતાં કદી પૂરું ન થાય.

આત્મા ચૈતન્યરત્નાકર તો સૌથી મહાન છે.

રત્ન : સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ મોક્ષમાર્ગના ત્રણ રત્નો છે.

મહારત્ન : એ રત્નત્રયના ફળમાં કેવળજ્ઞાનાદિ ચતુષ્ટય પ્રગટે છે તે કેવળ જ્ઞાનાદિ મહારત્નો છે.

મહાનથી પણ મહાન રત્ન : જ્ઞાનાદિ એકેક ગુણમાં અનંતા કેવળજ્ઞાનરત્નોની ખાણ ભરી છે, તેથી તે મહા-મહા રત્ન છે.

મહા-મહા-મહા રત્ન : એવા અનંત ગુણરત્નોની ખાણ આત્મા એ તો મહા-મહા-મહા રત્ન છે. એના મહિમાની શી વાત!

ભાઈ! આવું મહિમાવંત રત્ન તું પોતે છો. મહાન રત્નોની ખાણ તારામાં ભરેલી છે. એ સિવાય પરચીજ તારામાં નથી; એ ચીજ તારી નથી, મફતની પરની ચિંતા તે તારે ગળે વળગાડી છે. ખરેખર જે તારું હોય તે તારાથી કદી જુદું ન પડે; ને તારી જુદું પડે તે ખરેખર તારું હોય નહિ. શું જ્ઞાન આત્માથી કદી જુદું પડશે?–ના; કેમકે તે આત્માથી જુદું નથી, તે તો આત્મા જ છે. શરીરાદિથી આત્માના નથી એટલે તે આત્માથી છૂટા પડી જાય છે. પહેલેથી જ છૂટા હતા તેથી છૂટા પડ્યા. એકમેક થઈ ગયા હોત તો છૂટા ન પડત. એ જ રીતે જ્ઞાન ને રાગ પણ એકમેક થઈ ગયા નથી, ભિન્નસ્વરૂપે જ રહ્યા છે તેથી ભિન્ન પડી જાય છે. પ્રજ્ઞાછીણી વડે રાગ તો આત્માથી

બહાર નીકળી જાય છે ને જ્ઞાન અંતરમાં એકમેક રહી જાય છે.—આવું ભેદજ્ઞાન કરે તો આત્માની સાચી પ્રભુતા ઓળખાય.

અહો, પરમેશ્વર–તીર્થંકર પરમાત્માની દિવ્યવાણીમાં પણ જેનો મહિમા પૂરો ન પડે, એવો ચૈતન્યહીરલો તું! તારા એકેક પાસામાં (એકેક ગુણમાં) અનંતી તાકાત ઝળકે; એવા અનંતા પાસાથી ઝળકતી તારી પ્રભુતા! અનંતશક્તિના વૈભવથી ભરેલ આનંદનું ધામ એવો ભગવાન તું પોતે! પણ તારી નજરની આળસે તું તને દેખતો નથી. 'હરિ' તું પોતે પોતાથી જરાય વેગળો નથી, દૂર નથી, છતાં તેના ભાન વગર અનંતકાળ ગાળ્યો. ભાઈ, હવે તો જાગ! જાગીને તારામાં જો! અંદરમાં નજર કરતાં જ 'મેરો પ્રભુ નહીં દૂર દેશાંતર, મોહિમેં હૈ, મોહે સુઝત નીકે'—એમ તારામાં જ તને તારી પ્રભુતા દેખાશે. જ્ઞાનસ્વરૂપમાં ઉલ્લસતી શક્તિઓનું આ વર્ણન છે. અનુભવમાં તો અનંત શક્તિઓ સમાય છે પણ કથનમાં અનંત ન આવે, કથનમાં તો થોડીક જ આવે. છતાં એકેક શક્તિની ગંભીરતાને લેતી આવે છે; એકેક શક્તિના વર્ણનમાં અનંત શક્તિની ગંભીરતા ભરી છે.

અહીં પ્રભુત્વશક્તિનું વર્ણન છે. પ્રભુત્વશક્તિથી આત્મા અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભે છે. પ્રભુત્વગુણનો સ્વભાવ શું? કે આત્માને અખંડ સ્વતંત્રતાથી શોભાવવો તે પ્રભુત્વગુણનો પ્રતાપ છે. એના વગર આત્મામાં અનંતગુણની પ્રભુતા ટકી ન શકે. અરે, આત્મામાં આવી પ્રભુતા હોવા છતાં, સંસારની પ્રીતિ આડે પોતાની પ્રભુતાને નીહાળવા જીવ નવરો થતો નથી. પોતાની પ્રભુતાનો મહિમા કરતો નથી ને પરનો મહિમા કરી કરીને પોતાની પ્રભુતાને લૂંટાવે છે. ભાઈ, અંદર જો, અનંત શક્તિનાં નિધાન તારામાં છે તેને દેખ!

આત્મા કેવડો? કે જ્ઞાનલક્ષણથી નિર્મળ ગુણ-પર્યાયનો જેટલો સમુદાય લક્ષિત થાય તેટલો આત્મા છે. જ્ઞાનલક્ષણથી વિરુદ્ધ એવો વિકલ્પ તે આત્મા નહિ. રાગ તે આત્મા નહિ, રાગને રચે તે આત્મવીર્ય નહિ, તેમાં આત્માની પ્રભુતા નહિ; નિર્મળ ગુણ-પર્યાયને રચે તે આત્મવીર્ય ને તેમાં આત્માની શોભા.

નિર્મળતાની ને પ્રભુતાની ઉત્પત્તિ કેમ થાય? કે પ્રભુતાથી ભરેલા નિર્દોષ અને બળવાન એવા આત્મસ્વભાવને જોતાં તેના અવલંબને પર્યાય પણ તેવી નિર્દોષ અને બળવાન થાય છે એટલે પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે. આ રીતે નિર્મળ દ્રવ્ય-ગુણ-પર્યાય

ત્રણેમાં આત્માની પ્રભુતા વ્યાપે છે ને રાગનો તેમાં અભાવ છે. આવા આત્માના અનુભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ સમાય છે.

આ પ્રભુની શક્તિનું વર્ણન છે.

ક્યા પ્રભુની વાત હશે? કોઈ હજાર હાથવાળો ભગવાન હશે?—ના ભાઈ! આ તો હજાર નહિ પણ અનંત શક્તિવાળો આત્મા તું પોતે પ્રભુ છો, તારી પ્રભુતાની આ વાત છે તે જાણીને આનંદિત થા ને તારી પ્રભુતાને દેખ. તારા પ્રદેશેપ્રદેશે અનંતગુણની પ્રભુતા પ્રસરેલી છે.

વાહ! જુઓ આ આત્માનો વૈભવ! પ્રભુત્વને ધરનાર આત્માને ધ્યેય કરતાં દરેક ગુણની પર્યાયમાં પ્રભુતા પરિણમે છે ને રાગાદિના અભાવપણે સ્વતંત્રતાથી આત્મા શોભે છે. આત્મસ્વભાવ ઉપર દૃષ્ટિ કરતાં પર્યાયમાં પ્રભુતાનો એવો પ્રતાપ પ્રગટે છે કે તેને કર્મનો ઉદય કે બહારની પ્રતિકૂળતા તોડી શકે નહિ. પર્યાયમાં આવી પ્રભુતા ખીલે ને તેમાં આત્મા વ્યાપે તેને ખરો આત્મા કહીએ છીએ; મલિનતામાં રહે તેને ખરો આત્મા કહેતા નથી, તેમાં આત્માની શોભા નથી.

અરે, આવી પ્રભુતાસંપન્ન પોતાનો આત્મા છે તેનું પોતે પ્રેમપૂર્વક શ્રવણ પણ કર્યું નથી. એકવાર ખરા પ્રેમથી સાંભળે તો અંદર ઘૂસી ગયા વગર રહે નહિ. પરથી હું જુદો છું, મારામાં મારી અનંત શક્તિ છે, વિકાર એ મારી શક્તિનું કાર્ય નથી—એમ આત્માના સ્વરૂપને લક્ષગત કરવું જોઈએ. લક્ષ સાચું હોય તો તેના ઘોલનથી અનુભવ થાય. જેનું લક્ષ જ ખોટું હોય તેને સાચો અનુભવ ક્યાંથી થાય?

કોઈ કહે—અમને બહારની ઘણી ઉપાધિ વળગી છે એટલે આવો આત્માનો અનુભવ ક્યાંથી થાય?

તો કહે છે કે-અરે ભાઈ! પરચીજનો બહારનો એક અંશમાત્ર તારામાં નથી વળગ્યો, એ તો તારાથી બહાર ને બહાર જ છે, ભિન્ન જ છે; તારામાં તો તારા અનંતગુણ સદા વળગેલા છે-કદી તારાથી જુદા પડે નહિ એવા એકમેક છે; તેની સામે નજર કર એટલી જ વાર છે. નજર કરતાં જ પરથી તદ્દન છૂટો, હળવોફૂલ ને સ્વગુણથી પરિપૂર્ણ તારો આત્મા તને આનંદ સહિત અનુભવાશે.

આત્મામાં પ્રભુતારૂપે ને આનંદરૂપે પરિણમવાનો ગુણ છે પણ રાગરૂપે પરિણમવાનો ગુણ નથી. રાગ તો પરાશ્રિતભાવ છે, તેમાં સ્વતંત્ર શોભા નથી. પોતે

પોતાના આશ્રયે સ્વાધીન પ્રભુતારૂપે પરિણમીને સ્વતંત્રતાથી શોભે તેને ખરો આત્મા કહેવાય. રાગપરિણમનથી આત્મા શોભતો નથી, તેને ખરો આત્મા કહેતા નથી.

પ્રભુતાની મર્યાદા કેટલી?

—તો કહે છે કે કોઈથી ખંડિત ન થાય એટલી. આત્માની પ્રભુતામાં પરનું વિઘ્ન નથી, પરની સહાય નથી, કોઈ એની પ્રભુતાને તોડી શકે નહિ. આવી પ્રભુતાશક્તિની સન્મુખ થતાં આત્મા પોતે પોતાની નિર્મળ પરિણતિથી અખંડપણે શોભી ઊઠે છે; શક્તિમાં જે પ્રભુતા હતી તે પ્રભુતા પર્યાયમાં પણ પરિણમી ગઈ. આવી પ્રભુતાના પરિણમનમાં આત્મા સ્વતંત્ર-સ્વતંત્ર છે એટલે સર્વ તરફથી સ્વતંત્ર છે; કોઈ બીજો હોય તો આની નિર્મળપર્યાય થાય—એવી પરાધીનતા નથી.

કોઈ કહે કે સિદ્ધ ભગવાન કથંચિત્ પરાધીન છે કેમ કે રહેવા માટે આકાશનો આધાર, પરિણમવા માટે કાળનું નિમિત્ત, એ રીતે તેમને પણ અનેક પ્રકારે પરાધીનતા છે!

—અરે ભાઈ! શું કહે છે તું? સિદ્ધનેય પરાધીન કહીને તારે શું કરવું છે? અહીં તને તારામાં સ્વાધીનતા ભાસતી નથી એટલે તારી પરાધીનદૃષ્ટિમાં સિદ્ધ પણ તને પરાધીન દેખાય છે; જગતમાં ક્યાંય સ્વાધીનતાને તું દેખી શકતો નથી. સિદ્ધ ભગવંતો પોતાના અસંખ્ય ચૈતન્યપ્રદેશોમાં સ્વાધીનપણે જ રહ્યા છે; આકાશ આકાશમાં ને સિદ્ધ સિદ્ધમાં; બંને સ્વતંત્રપણે જ પરિણમી રહ્યા છે. કોઈ પણ પ્રકારે તેમનામાં પરાધીનપણું નથી. જો પરાધીનતા કહો તો તો સ્વાધીન પ્રભુતા ખંડિત થઈ જાય! આત્મા પ્રભુતાને લીધે પોતાની અખંડ પ્રતાપવંતી સ્વતંત્રતામાં શોભે છે. અરે, સિદ્ધમાંય જેને પરાધીનતા દેખાય તે આત્માની પ્રભુતાને ક્યાંથી સાધી શકશે?

આત્મામાં કેવળજ્ઞાનની પ્રભુતા પ્રગટી; ત્યાં તે કેવળજ્ઞાનનું પરિણમન કેવળજ્ઞાનાવરણકર્મના પરમાણુને આધીન નથી. કેવળજ્ઞાનાવરણમાં ક્ષયરૂપ પરિણમન અને અહીં કેવળજ્ઞાનમાં ઉત્પત્તિરૂપ પરિણમન એ બંને એકસાથે ભલે હો, પણ તેથી કાંઈ તે પુદ્ગલના પરિણમનને આધીન જીવના કેવળજ્ઞાનનું પરિણમન નથી. જો તેને આધીન હોય તો તો તેની જ સામે જોવાનું રહ્યું! કેવળજ્ઞાનનું પરિણમન તો પોતાની જ્ઞાનશક્તિને આધીન છે, તે શક્તિની સન્મુખ જોતાં સ્વાધીનપણે કેવળજ્ઞાન પ્રભુતારૂપે આત્મા પરિણમી જાય છે.

*(ક્રમશ:)*

# સંસારી જીવની અવસ્થા અને પુદ્ગલનો સંબંધ

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૩)

"હવે જીવદ્રવ્ય તથા પુદ્ગલદ્રવ્ય એકક્ષેત્રાવગાહી અનાદિ કાળથી છે; તેમાં વિશેષ એટલું કે જીવ દ્રવ્ય એક અને પુદ્ગલ પરમાણુ અનંતાનંત, દ્રવ્ય ચલાચલરૂપ, આગમનગમનરૂપ, અનંત-આકારપરિણમનરૂપ, બંધમુક્તિશક્તિ-સહિત વર્તે છે."

સંસારમાં અનંતા જીવો અને જીવ કરતાં અનંતગુણા પુદ્ગલો છે; તે દરેકના પરિણામ સ્વતંત્ર છે. આવા જીવ અને પુદ્ગલદ્રવ્યો જગતમાં અનાદિકાળથી એકક્ષેત્રાવગાહપણે રહેલા છે. અનંતાનંત પુદ્ગલપરમાણુઓ એકેક જીવ સાથે સંબંધપણે રહેલાં છે. ચૌદમા ગુણસ્થાનના છેલ્લા સમયમાં વર્તતો જીવ—કે જે બીજા જ સમયમાં સિદ્ધ થવાનો છે અને જેની કર્મવર્ગણા સૌથી ઓછી છે તેના કર્મમાં પણ અનંતા પુદ્ગલ પરમાણુઓ છે. સંસારમાં કોઈ જીવ એવો નથી કે જેની સાથે એકક્ષેત્રાવગાહપણે અનંતા કર્મપુદ્ગલો રહેલા ન હોય. જોકે, જ્યાં સિદ્ધ છે ત્યાં પણ અનંતા પુદ્ગલો રહેલા છે પરંતુ અહીં તેની વાત નથી, કેમકે સિદ્ધો સંપૂર્ણ શુદ્ધ હોવાથી તેમને તે પરમાણુઓ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી. સંસારી જીવને અશુદ્ધતાના નિમિત્તે જે કર્મપરમાણુઓ એકક્ષેત્રાવગાહપણે રહેલા છે તેની અહીં વાત છે.

હવે એક બીજી વાત : જીવ અને પુદ્ગલો અનાદિથી એક ક્ષેત્રે રહેલા છે તોપણ બંનેના સ્વપ્રદેશો તો સદાય જુદેજુદા છે. આકાશની અપેક્ષાએ બંનેનું એક ક્ષેત્ર કહેવાય છે, પરંતુ ખરેખર દરેક દ્રવ્યને પોતાના સ્વપ્રદેશો ભિન્નભિન્ન છે. એકેક જીવને અસંખ્ય સ્વપ્રદેશો છે ને તે અરૂપી છે; એકેક પુદ્ગલ પરમાણુને પોતાનો એક પ્રદેશ છે ને તે રૂપી છે. એક ક્ષેત્રે અનંતા જીવો હોય છતાં તેમાંના દરેક જીવના સ્વપ્રદેશો જુદેજુદા છે. કોઈ એક દ્રવ્યના સ્વપ્રદેશ કદી બીજામાં ભળી જતા નથી. શ્રી સમયસારમાં કહે છે કે "સર્વ પદાર્થો પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને સ્પર્શે છે તોપણ પરસ્પર એકબીજાને સ્પર્શતા નથી;" અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી-આ રીતે એકક્ષેત્રે ભેગા રહ્યા હોવા

છતાં દરેક પદાર્થ નિજ-નિજસ્વરૂપમાં ભિન્નભિન્ન રહ્યા છે. લોકમાં પ્રદેશો અસંખ્ય છે, પણ તેમાં ભિન્નભિન્ન અનંતાનંત જીવો રહેલા છે.

અસંખ્ય પ્રદેશમાં અનંત જીવો એકસાથે રહેલા છે-એમ કહ્યું, તે ઉપરથી કોઈ એવી ત્રિરાશી ગણે કે "અનંત જીવો અસંખ્ય પ્રદેશમાં રહેલા છે, તો તેના અસંખ્યાતમા ભાગના જીવો એક પ્રદેશમાં રહેલા છે"-તો એ પ્રકારની ત્રિરાશીનું માપ અહીં લાગુ પડતું નથી. કેમ કે એક જીવ ગમે તેટલો સંકોચાઈને રહે તોપણ અસંખ્યપ્રદેશો તો તે રોકે જ, જીવનો પ્રદેશસ્વભાવ એવો છે કે અસંખ્ય કરતાં ઓછા પ્રદેશમાં તે સંપૂર્ણ રહી શકે નહીં. ભિન્નભિન્ન જીવોના પ્રદેશો ભેગા થઈને એક આકાશપ્રદેશે અનંતા જીવોના અનંતા પ્રદેશો રહે, પણ એક જ જીવના સર્વ પ્રદેશો-અસંખ્ય પ્રદેશો રહે નહિ, અસંખ્યાતમા ભાગના જ અસંખ્ય પ્રદેશો રહી શકે. જીવના અસંખ્ય પ્રદેશો એટલા છે કે આખા લોકમાં તેનો વિસ્તાર થાય તો એકેક લોકપ્રદેશે એકેક જીવપ્રદેશ આવે ને તે સંકોચાઈને રહે તો લોકપ્રદેશનો અસંખ્યાતમો ભાગ રોકે અને એકેક લોકપ્રદેશે અસંખ્યાતમે ભાગે અસંખ્યાત (અસંખ્યાત÷અસંખ્યાત=અસંખ્યાત) જીવપ્રદેશો આવે. એકેક જીવપ્રદેશે અનંત કર્મપરમાણુ રહેલા છે.

હવે જીવની સાથે જે કર્મપરમાણુઓ રહેલા છે, તે જોકે અનાદિથી રહેલા છે પરંતુ અનાદિકાળના તે ને તે જ પરમાણુઓ નથી પણ નવા નવા બદલાતા પરમાણુઓ છે; ક્ષણે ક્ષણે અનંતા પરમાણુઓ છૂટે છે ને અનંતા નવા પરમાણુઓ (સાસ્રવજીવને) આવે છે. કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની છે એટલે એટલા વખતમાં તો બધા કર્મપરમાણુઓ બદલાઈ જ જાય; કોઈ કર્મ ૭૦ કોડાકોડી સાગરોપમ કરતાં જૂનું ન જ હોય. પછી ભલે તેમાંથી તેને તે જ કોઈ રજકણો ફરીને તે જીવને કર્મપણે બંધાય. અહો! સમય-સમયનું ને રજકણે-રજકણનું ને પ્રદેશે-પ્રદેશનું અલૌકિક વીતરાગીવિજ્ઞાન જૈન સંતોએ શાસ્ત્રોમાં ભર્યું છે. જીવને એકક્ષેત્રે રહેલા પરમાણુઓમાં ક્ષણે ક્ષણે નવા આવે છે ને જૂના જાય છે, આવું આગમન-ગમન થયા કરે છે, તેથી તે પરમાણુઓને 'આગમન-ગમનરૂપ' કહ્યા છે. તે પુદ્ગલોનું આવવું ને જવું અથવા કર્મરૂપે બંધાવું ને છૂટા પડવું એ તેની જ પરિણમન શક્તિથી થાય છે. આકાશ અપેક્ષાએ ભલે જીવ અને કર્મનું એક ક્ષેત્ર હોય પણ સ્વચતુષ્ટય બંનેના ભિન્નભિન્ન છે. જીવના અસંખ્ય પ્રદેશોમાં તો કદી એક પણ પ્રદેશ ઘટે કે વધે નહિ, જ્યારે કર્મના અનંત પરમાણુઓમાં તો ક્ષણે ક્ષણે અનંતા રજકણોની વધ-ઘટ થયા કરે છે. વળી જીવનો સ્વભાવ સ્થિર-અચલ છે, જ્યારે પુદ્ગલનો સ્વભાવ ચલાચલરૂપ છે. વળી તે પુદ્ગલો

અનંત-આકારરૂપ પરિણમે છે; વર્ણ-ગંધ-રસ-સ્પર્શ અથવા પ્રદેશ-પ્રકૃતિ-સ્થિતિ-અનુભાગની અપેક્ષાએ અનંત પ્રકારો છે તે અપેક્ષાએ અનંત આકારો સમજવા. વળી તે પુદ્ગલો અનેક પ્રકારની બંધરૂપ અવસ્થાપણે કે મુક્તરૂપ અવસ્થાપણે સ્વયં પરિણમવાની શક્તિવાળા છે. જીવના વિકારના નિમિત્તે જે ક્ષણે અમુક કર્મો બંધાતા હોય તે ક્ષણે જ પૂર્વે બંધાયેલા કેટલાક કર્મો છૂટા પડતા હોય, આમ બંધાવું ને છૂટા પડવું-એવી શક્તિ પુદ્ગલદ્રવ્યમાં છે. પં. બનારસીદાસજીએ જીવ અને પુદ્ગલની ભિન્નભિન્ન શક્તિઓનું ટૂંકમાં ઘણું સરસ વર્ણન નીચેના બે દોહરામાં કર્યું છે-

समता रमता ऊर्धता ज्ञायकता सुखभास ।
वेदकता चैतन्यता ये सब जीवविलास ॥
तनता मनता वचनता जडता जडसम्मेल ।
गुरूता लघुता गमनता ये अजीवके खेल ॥ *(સમયસાર-નાટક)*

સમયસારના અમૃતચંદ્રાચાર્યદેવના કળશની શ્રી રાજમલ્લજી રચિત ટીકા (કલશટીકા) વાંચ્યા પછી, પં. બનારસીદાસજીએ સમયસાર-નાટકની રચના કરી છે, તેમાં ઘણા અધ્યાત્મભાવો ભર્યા છે. આ પરમાર્થવચનિકા પણ તેમની જ લખેલી છે. જીવ અને પુદ્ગલનો સ્વભાવ ત્રણેકાળ ભિન્ન ભિન્ન છે પણ સંસારમાં બંનેનો સંયોગ અનાદિથી છે. તેમાં પુદ્ગલ તો ચલાચલરૂપ, આગમન-ગમનરૂપ, અનંત-આકારપણે, બંધ-મુક્ત અવસ્થારૂપ પરિણમે છે-એ બતાવ્યું. હવે સંસારી જીવ કેવી-કેવી અવસ્થારૂપે પરિણમે છે તે બતાવે છે. *(ક્રમશઃ)*

---

અધ્યાત્મવિદ્યાસ્થલી સોનગઢમાં—

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધના-સ્થલી શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૯૮મી જન્મજયંતી (તા. ૧૧-૮-૨૦૧૧ થી તા. ૧૫-૮-૨૦૧૧)ના મંગલમય અવસર પ્રસંગે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી મહાનુભાવો માટે તા. ૯-૮-૨૦૧૧, મંગળવારથી તા. ૨૮-૮-૨૦૧૧, રવિવાર—વીસ દિવસનો ધાર્મિક શિક્ષણવર્ગ રાખેલ છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે.

સૂચના :—બહાર ગામથી આવતા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખેલ છે.





શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત
શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવકમંડળ આયોજિત

# વચનામૃત વર્ષ

સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ

## પ્રશ્નપત્ર ક્રમાંક—૬ (કુલ માર્ક્સ-૫૦)

(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૧૨૫ થી ૧૫૦,
(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૧૮૧ થી ૨૧૬)

પરીક્ષાર્થીનું નામ : ........................................ ગામનું નામ : ......................

મંડળનું નામ : ............................................................ ઉંમર : ......................

ફોન નં.: ......................................................... તા. -૦૭-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) (૯)

(૧) આત્માનો મહિમા કેવી રીતે આવે? (બોલ નં. ૧૨૭)
(૨) આત્માનું (પોતાનું) સાચું અભિનંદન શું છે તે કઈ રીતે થાય? (બોલ નં. ૧૩૬)
(૩) યથાર્થ દૃષ્ટિ પ્રગટ થઈ તેને શુભભાવ શા માટે આવે છે? ત્યારે તે શું કરે છે? (બોલ નં.૧૩૮)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) (૯)

(૧) પ્રજ્ઞાછીણી શું છે તેનાથી શું કરવું? અને કઈ રીતે? (બોલ નં. ૧૯૭)
(૨) સંપૂર્ણ જિનશાસનની અનુભૂતિ શું છે? શા માટે? (બોલ નં. ૨૦૦)
(૩) અનંતકાળમાં જીવને અટકવાના પ્રકાર ક્યા ક્યા છે? છૂટવાનો સાચો પ્રકાર ક્યો છે? (બોલ નં. ૧૯૯)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) "જ્ઞાનપુંજ—જ્ઞાયકપ્રભુ તો શુદ્ધ જ છે" કોને અને કઈ રીતે? (બોલ નં. ૧૨૯)
(૨) મનુષ્ય અવતાર ધારણ કરીને આત્માનું શું કર્તવ્ય છે? (બોલ નં. ૧૪૭)
(૩) શુભ પરિણામ ધર્મીને કેવા લાગે છે (બોલ નં. ૧૩૯)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત)**(૩)**

(૧) નિર્વિકલ્પદશામાં કેવા વિકલ્પ તૂટી જાય છે? શા માટે? સ્પષ્ટ કરો. (બોલ નં. ૧૮૧)

(૨) મુનિરાજનો વિષય શું છે ? વિસ્તારથી સમજાવો. (બોલ નં. ૧૮૫)

(૩) "જે ન થઈ શકે તે કાર્ય કરવાની વૃત્તિ કરવી મૂર્ખતા છે." વિસ્તારથી સમજાવો (બોલ નં. ૧૮૮)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) આત્માને જ્ઞેયોનું જ્ઞાન શા માટે થાય છે?

(૨) કેવો અભ્યાસ ઈષ્ટ છે? શું છોડીને?

(૩) સુખ શું છે? અને તે કોણ પ્રાપ્ત કરી શકે છે?

(૪) એક નયનો સર્વથા પક્ષ ગ્રહણ કરે તો શું થાય?

(૫) જ્ઞાની પ્રતિમા ક્યારે ધારણ કરે છે? અને મુનિપણું ક્યારે લે છે?

(૬) વિકારી પર્યાયને કઈ રીતે પૌદ્ગલિક કહેવામાં આવે છે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) ચૈતન્ય તરફ ઝુકવાનો પ્રયત્ન થતાં કેવો લાભ થાય છે?

(૨) સાધકને નિરંતર કોની મુખ્યતા હોય છે?

(૩) સ્વરૂપ સહજ હોવા છતાં શા માટે દુર્ગમ લાગે છે?

(૪) ગુરુના કેવા વચનોથી શુદ્ધાત્મદેવને બરાબર જાણી શકાય છે?

(૫) તું સ્વયં કેવો છે? તારે માર્ગને જાણવા માટે કોનું અવલંબન જોઈએ?

(૬) કર્તાપણું કઈ રીતે છૂટી જાય છે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક શબ્દમાં ઉત્તર આપો. (૬)**

૧. દિગમ્બર સાધુ એટલે શું?

૨. કોના ભાન વિના ઉપવાસ ન થઈ શકે?

૩. કપટના ભાવ કરીને આ જીવ કોને ઠગે છે?

૪. મુનિરાજ સવિકલ્પદશામાં પણ શું ઓળંગીને બહાર જતા નથી?

૫. અનંત અનંતકાળ સુધી કેવળજ્ઞાન વહેતું રહે તો પણ શું જેમનું તેમ રહે છે?

૬. બાહ્યદૃષ્ટિથી કઈ દૃષ્ટિ પ્રગટ થતી નથી?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક વાક્યમાં આપો. (૪)**

(૧) નિશ્ચય–અગૃહીત મિથ્યાત્વ શું છે?

(૨) કોના વિના શાંતિ નહીં મળે?

(૩) અભેદજ્ઞાન પ્રગટ કરવા માટે વસ્તુને કઈ રીતે જાણવી જોઈએ?

(૪) શું ત્યાગીને દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) તત્ત્વના આદરમાં............................ છે, તત્ત્વના અનાદરમાં................. છે.

(૨) ગૃહસ્થાશ્રમના વૈરાગ્યથી....................નો વૈરાગ્ય કોઈ જુદો જ હોય છે.

(૩) પૂજ્ય ગુરુદેવે.........................અંતરથી બતાવ્યો છે.

(૪) .................... વિના પરિણતિ ક્યાંય પણ સ્થિર રહેતી નથી.

## અમેરિકામાં પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૨મી જન્મજયંતી તથા આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું ભવ્ય સમાપન

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડી.સી.માં પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૨મી જન્મજયંતી તથા ચતુર્દિવસીય આધ્યાત્મિક શિક્ષણ શિબિરનો કાર્યક્રમ તા. ૨૭-૫-૨૦૧૧ થી તા. ૩૦-૫-૨૦૧૧ સુધી ભવ્ય સફળતાપૂર્વક સંપન્ન થયો. ભારતથી નિમંત્રિત વિદ્વાન પ્રવચનકારો તથા અમેરિકા સ્થિત વિદ્વાનોએ ચાર દિવસની શિબિરમાં વિવિધ શાસ્ત્રો, વિષયો પર સ્વાધ્યાય કરાવેલ.

પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન, પૂજા, આધ્યાત્મિક વર્ગો, જ્ઞાનગોષ્ઠી, વધામણા તથા બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ અને છઢાળા પર બાળકોની સચોટ-સુંદર રજૂઆત ખૂબ જ પ્રશંસનીય થયેલી. આ પ્રસંગનું વિડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું.

દૂર દૂરના સ્થળેથી મોટી સંખ્યામાં મુમુક્ષુઓએ પરિવાર સાથે આવી ઉત્સાહભેર લાભ લીધેલો. વોશિંગ્ટન સ્થિત શ્રીમતી રંજનબેન તલકભાઈ શાહે આ પ્રસંગને સ્પોન્સર કરવાનું સુભાગ્ય પ્રાપ્ત કરેલ.

પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૨૩મી જન્મજયંતી તથા ચાર દિવસની આધ્યાત્મિક શિબિર ૨૦૧૨ માટે અમેરિકાના ફ્લોરીડા રાજ્યના ટેમ્પા શહેરથી ભાવભર્યું નિમંત્રણ મળેલ છે.

વધુ માહિતી માટે સંપર્ક સૂત્ર :

હસમુખ મગનલાલ શાહ,
પ્રેસીડેન્ટ : જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (U.S.A.)
Email : KAHANGURU@GMAIL.COM
HASMUKH33@YAHOO.COM
web : WWW.ATMA-DARSHAN.ORG
Phone-727-934-6141 / 727-534-5168

---

સિદ્ધનગરમાં અનંતા સિદ્ધો બિરાજે છે. તેઓએ પહેલાં બહારથી નજર સંકેલીને અંદરનો વિસ્તાર કર્યો હતો. તું પણ બહારથી સંકેલો કરી નાખ. હું તો પૂરણ અભેદ પરમાત્મા જ છું, મારે ને પરમાત્માને કાંઈ ફેર નથી—એમ ફેર કાઢી નાખનારને ફેર છૂટી જશે. આહાહા! દિગંબર સંતોની કથન શૈલી અલૌકિક છે!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**રૂા.૧૦,૦૦૦/- એક સદ્ગૃહસ્થ, ગાંધીધામ તરફથી આ અંકના પ્રકાશનાર્થ આર્થિક સહયોગ મળેલ છે.**

**રૂા.૧૦,૦૦૦/- શ્રી કમળાબેન હરગોવિંદદાસ ગોપાણી, અમદાવાદ હસ્તે નરેન્દ્રભાઈ, વીરેન્દ્રભાઈ, ઉપેન્દ્રભાઈ તરફથી આ અંકના પ્રકાશનાર્થ આર્થિક સહયોગ મળેલ છે.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : શ્રી છઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

❁ **રક્ષાબંધન પર્વ :** શ્રાવણ પૂર્ણિમાના દિવસે શ્રી વિષ્ણુકુમાર મુનિરાજે શ્રી અકંપનાચાર્યાદિ ૭૦૦ મુનિવરોની ઉપસર્ગથી રક્ષા કરી હતી. આ પર્વ તા. ૧૩-૮-૨૦૧૧, શનિવારના દિવસે પૂજા-ભક્તિના વિશેષ આયોજનપૂર્વક ઉજવવામાં આવશે.

❁ **જ્ઞાનવૈભવ-પ્રકાશન તથા પંડિતરત્નના જન્મનો વાર્ષિક દિવસ :**–'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ તા. ૨૮-૮-૧૧ રવિવારના દિવસે છે. આ દિવસે આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ સરસ્વતીના પુત્ર, સમયસાર આદિ પંચ પરમાગમના ગદ્ય-પદ્યાનુવાદક પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહનો ૧૦૪મો જન્મદિવસ છે. આ બંને અવસર, તેઓના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

---

## વૈરાગ્ય સમાચાર :

ભાવનગરનિવાસી શ્રી શાંતિલાલ છગનલાલ ગાંધી (વર્ષ-૮૮) તા. ૧૬-૧-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં નિયમિત આવીને લાભ લેતા હતા. તેઓ તત્ત્વજિજ્ઞાસુ હતા.

દામનગરનિવાસી (હાલ-ઘાટકોપર, મુંબઈ) શ્રી શારદાબેન બટુકલાલ ભાયાણી (વર્ષ-૭૪) તા. ૫-૫-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમના પિતાશ્રી શ્રી રતીલાલ હીરાચંદ શાહ (હેડ માસ્તર, ગુરુકુલ હાઈસ્કૂલ) સોનગઢ વર્ષો સુધી સ્થાયી રહ્યા હોવાથી તેઓએ વર્ષો સુધી સોનગઢ રહીને લાભ લીધો હતો. શ્રી હીરાચંદભાઈ માસ્તર પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાપાત્ર જૂના અનુયાયી હોવાથી તેમને નાનપણથી તત્ત્વના સંસ્કાર મળ્યા હતા.

રાજકોટનિવાસી શ્રી સરોજબેન ચંદુલાલ મહેતા (વર્ષ-૭૧) તા. ૨૨-૬-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. વિંછીયાનિવાસી તેમના પિતાશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીના જૂના અનુયાયી હોવાથી તેમને નાનપણથી જ તત્ત્વના સંસ્કાર પ્રાપ્ત થયેલા જે રાજકોટ સ્થાયી થયા બાદ વૃદ્ધિગત થયા હતા. તેમને તત્ત્વની ઊંડી રુચિ અને જિજ્ઞાસા હતી. સાધર્મીઓ પ્રતિ વાત્સલ્યતા માટે તેઓ જાણીતા હતા. ધાર્મિક કાર્યો માટે ખૂબ ઉત્સાહી હતા.

મુંબઈ (વિલે-પાર્લા)નિવાસી દક્ષાબેન બાબુલાલ ગાંધી તા. ૧૭-૪-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ અને કહાન એક્સપ્રેસ યાત્રીગણ દ્વારા

*અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સોનગઢમાં સાનંદ સંપન્ન થવાવાળી*

*પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની*

# ૯૮મી જન્મજયંતી

અધ્યાત્મયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત, સ્વાનુભવવિભૂષિત, ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની દેવગુરુમહિમા તથા સ્વાનુભૂતિમાર્ગપ્રકાશિની ઉપકાર-કિરણાવલી આપણા સાધનાપથને સદૈવ આલોકિત કરતી રહે છે. તે ઉપકૃતતાની ભક્તિભીની ભાવનાને વિશેષ દઢ કરવા તેઓની ૯૮મી જન્મજયંતી આ વર્ષે શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ અને કહાન એક્સપ્રેસ યાત્રીગણ તરફથી અતિ આનંદોલ્લાસ સહ સંપન્ન થશે. પૂજ્ય બહેનશ્રીની આ ૯૮મી જન્મજયંતી (શ્રાવણ વદ ૨)નું આયોજન તા. ૧૧-૮-૨૦૧૧, ગુરુવાર થી તા. ૧૫-૮-૨૦૧૧, સોમવાર–પાંચ દિવસ સુધી શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર-જિનબિંબ વિધાન પૂજા, અધ્યાત્મ-જ્ઞાનોપાસના અને દેવ-ગુરુ-ભક્તિ આદિ વિવિધ કાર્યક્રમસહ સંપન્ન થશે. આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જે. શાહની આનંદોત્સાહવર્ધક પંચપરમાગમ-અનુવાદરૂપ શુભ ઉપકારછાયામાં સંપન્ન થવાવાળા આ પંચાહ્નિક અવસર પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક ટેપ-પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની વિડિયો-ધર્મચર્ચા, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન, વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં દર્શન, વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની ભજનમંડળી દ્વારા જિનેન્દ્ર તથા પ્રાસંગિક ભક્તિ, તા. ૯-૮-૨૦૧૧થી તા. ૨૮-૮-૨૦૧૧—વીસ દિવસ સુધી ચાલનાર ધાર્મિક શિક્ષણવર્ગ–ઇત્યાદિ અનેકવિધ કાર્યક્રમનો પણ સમાગત મુમુક્ષુ મહેમાનોને લાભ મળશે. સમાગત મહેમાનો માટે આવાસ-ભોજનવ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે. સર્વે સાધર્મીઓને સોનગઢ પધારવા માટે હાર્દિક અનુરોધ છે.

સૂચના :—નિમંત્રણપત્રિકાની શુભ લેખનવિધિ સોનગઢમાં તા. ૧૦-૭-૨૦૧૧ રવિવારના દિવસે સાનંદ સંપન્ન થઈ.

**નિમંત્રક** : શ્રી કુંદકુંદ-કહાન પરિવાર
યુવક મંડળ તથા કહાન એક્સપ્રેસ
યાત્રીગણના જય જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ પ્રવચનસારમાં ૪૬ તથા ૪૭મી નયમાં એમ કહ્યું છે કે માટીને ઘડો આદિ વાસણની અવસ્થાથી જોવી તે અશુદ્ધનય છે અને માટીને માટીરૂપ જોવી તે શુદ્ધનય છે. તેમ દ્રવ્યને બંધ–મોક્ષથી જોવું તે અશુદ્ધનય છે અને બંધ–મોક્ષ રહિત એકલા દ્રવ્યને જોવું તે શુદ્ધનય છે. કેમ કે વસ્તુમાં બંધ–મોક્ષ છે જ નહીં, અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે અને તે જ ભૂતાર્થ છે. ૫૭૨.

❀ ભગવાન નિજ જ્ઞાયક પ્રભુ જે સ્વત:સિદ્ધ છે તે તો સુગમ જ હોય ને? તેને પ્રાપ્ત કરવામાં ફક્ત દૃષ્ટિનો પલટો થવો જોઈએ. જેને રાગની રુચિ છે તેને આખા સંસારની રુચિ છે. રાગનો કર્તા થયો તેણે 'આખી દુનિયાનો કર્તા છું'—એમ માન્યું. અહા! તે માન્યતા પરસંગનો આશ્રય કરવાથી થઈ છે. પરસંગનો આશ્રય છોડી પોતે પોતાના અસંગ સ્વરૂપે સ્વતંત્રપણે છૂટો રહી શકે છે. આત્મા અસંગ ચીજ છે તેનો સંગ કરવો; રાગાદિ તો પોતાની મૂળ ચીજમાં છે જ નહિ, માટે તેનો આશ્રય છોડવો. પોતાના અસંગ સ્વભાવને પામવો તેમાં દુષ્કરતા શી? તે તો સુગમ જ હોય ને? ૫૭૩.

❀ હમણાં તો મોટર–ટ્રેઈન–પ્લેન આદિના અકસ્માતથી કેટલાય માણસો મરી ગયાનું સંભળાય છે. આંખ ખૂલે ને સ્વપ્ન ચાલ્યું જાય તેમ દેહ અને ભવ ક્ષણમાં ચાલ્યો જાય છે. હાર્ટફેઈલ થતાં ક્ષણમાં નાની–નાની ઉંમરમાં ચાલ્યા જાય છે. અરે! આ સં....સા.....ર! નરકમાં અનાજનો દાણો ન મળે, પાણીનો બિંદુ ન મળે ને પ્રતિકૂળતાનો પાર નહિ એવી સ્થિતિમાં અનંતવાર ગયો પણ ત્યાંથી નીકળ્યો ત્યાં બધું ભૂલી ગયો. એનો જરા વિચાર કરે તો એ બધા દુ:ખથી છૂટવાનો રસ્તો શોધે. અહા! આવો માનવભવ મળ્યો છે અને આવું સત્ય સમજવાનો જોગ મળ્યો છે એમાં પોતાના આત્માનું હિત કરી લેવા જેવું છે. ૫૭૪.

❀ કર્મથી તો વિકાર થાય નહીં પણ વિકાર પોતાની યોગ્યતાથી થાય એ યોગ્યતામાં પણ આત્મા વ્યાપતો નથી. જે કારણરૂપ ભગવાન, જેમાંથી કેવળજ્ઞાન આદિ પર્યાયો થાય છે, તેનું વિકારમાં વ્યાપવું અશક્ય જ છે. ૫૭૫.

❀

આત્મધર્મ
જુલાઈ-૨૦૧૧
અંક-૧૧ * વર્ષ-૫

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## * અનંતા સિદ્ધોની તારી પર્યાયમાં સ્થાપના કર *

બાહ્યવસ્તુ બંધનું કારણ નથી કેમ કે બાહ્યવસ્તુ પોતાની પર્યાયમાં અતદ્ભાવરૂપ છે તેથી તે બંધનું કારણ થતું નથી. કર્મ શરીરાદિ બાહ્યવસ્તુ પરદ્રવ્યો હોવાથી બંધનું કારણ નથી તેમ કહ્યું અને પહેલી ગાથામાં કહ્યું કે અનંત સિદ્ધોની તારી પર્યાયમાં સ્થાપના કરું છું. પણ અનંતા સિદ્ધો તો પરદ્રવ્ય છે ને? તારી પર્યાયમાં અતદ્ભાવરૂપ છે ને? તેનું સ્થાપન શી રીતે થશે? તો કહે છે કે તે અનંતા સિદ્ધો પર્યાયમાં ભલે અતદ્ભાવરૂપ હો પણ તે અનંતા સિદ્ધોની પ્રતીત પર્યાયમાં આવી જાય છે, તેથી અનંતા સિદ્ધોનું સ્થાપન કરવાનું કહ્યું છે. જેમ અધ્યવસાનનો ત્યાગ કરાવવા બાહ્યવસ્તુનો ત્યાગ કરાવવામાં આવે છે તેમ પોતાના સિદ્ધસ્વભાવનું પર્યાયમાં સ્થાપન કરાવવા માટે અનંતા સિદ્ધોનું સ્થાપન કરાવવામાં આવ્યું છે. જેમ બાહ્યવસ્તુ અધ્યવસાનનું નિમિત્ત છે તેમ પોતાના સિદ્ધસ્વરૂપનું લક્ષ કરવામાં અનંતા સિદ્ધો નિમિત્ત છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

